NAVSARI AGRICULTURAL UNIVERSITY

**હિસાબ નિયામકશ્રીની કચેરી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬ ૪૫૦**

**વંચાણે:–** સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્ર.નં.ખરચ–૧૦૨૦૧૦–૧૧૮–ઝ૧, તા. ૦૬/૦૬/૨૦૨૦

**<u>ખાસ અગત્યનું</u>**

## :: <u>પરિપત્ર</u> ::

**વિષય:–નોવેલ કોરોના વાઈરસ (COVID-19)ના કારણે ઉભી થયેલ પરિસ્થિતિ નિવારવા કરકસરની સૂચનાઓનો યુનિવર્સિટીમાં અમલ થવા બાબત..**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ કચેરી વડાશ્રીઓને જણાવવાનું કે, ઉકત વંચાણે લીધેલ સરકારશ્રીના ઠરાવથી નોવેલ કોરોના વાઈરસ ના કારણે ઉભી થયેલ પરિસ્થિતિ નિવારવા **સરકારી ખર્ચમાં કરકસર** કરવા સૂચનાઓ આપવામાં આવેલ છે, **(ઠરાવની નકલ સામેલ છે.)** તો ઠરાવમાં થયેલ સૂચનાનુસાર દરેક કચેરી વડાને અમલ કરવા જણાવવામાં આવે છે.

સદરહું પરિપત્ર માટે માન. કુલપતિશ્રીની અનુમતિ મેળવવામાં આવેલ છે.

હિસાબ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/વહટ/૧૨૯૯ /૨૦ નવસારી,
તા.૦૮/૦૬/૨૦

**<u>નકલ જય ભારત સાથ રવાના:–</u>**

(૧) આ યુનિવર્સિટીની તમામ કચેરીઓના વડાશ્રીઓ તરફ અમલ કરવા સારુ.
(૨) વહિવટી–વ–હિસાબી અધિકારી, ન.કૃ.યુ., નવસારી તરફ અમલ થવા સારુ.
(૩) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારુ.

<u>નોવેલ કોરોના વાઇરસ (COVID-19)ના કારણે ઊભી થયેલ પરિસ્થિતિ નિવારવા કરકસરની સૂચનાઓ બહાર પાડવા બાબત.</u>

ગુજરાત સરકાર
નાણાં વિભાગ
ઠરાવ ક્રમાંક: ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧
સચિવાલય, ગાંધીનગર
તા: ૦૬/૦૬/૨૦૨૦

<u>આમુખ :-</u>

નોવેલ કોરોના વાયરસ (COVID-19) ના કારણે ઊભી થયેલ અતિ ગંભીર પરિસ્થિતિ અને વાયરસ ને નિયંત્રણમાં લાવવાના હેતુસર જાહેર કરવામાં આવેલ પ્રતિબંધોના કારણે રાજ્યની આવકમાં ભારે ઘટાડો થવાનું અનુમાન છે. ગુજરાત સરકાર દ્વારા નોવેલ કોરોના વાયરસ (COVID-19) મહામારી પછીના સમયમાં આર્થિક પુનરુત્થાન ( ઇકોનોમિક રીવાઇવલ) માટે અઢીયા સમિતિ ગઠિત કરવામાં આવેલ હતી. આ સમિતિ એ આપેલ વચગાળા ના અહેવાલ અનુસાર સરકારી ખર્ચ માં કાપ મૂકવો જરૂરી જણાય છે.

અઢીયા સમિતિ ની ભલામણો અનુસાર સરકારી ખર્ચમાં કરકસર કરવા જરૂરી પગલાં (Steps) લેવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

// ઠરાવ //

આમુખમાં જણાવ્યા મુજબની પરિસ્થિતિ ધ્યાને લઈને સરકારી ખર્ચમાં કરકસર કરવા નીચે મુજબની સૂચનાઓ આથી બહાર પાડવામાં આવે છે.

(૧) <u>નવાં વાહનો સબંધિત સૂચનાઓ</u>

(૧) મંજૂર કરવામાં આવેલ નવાં વાહનો (કન્ડમ કરવામાં આવેલ વાહનની અવેજી સહિતના વાહનો) જે ખરીદવાના બાકી છે તે ખરીદવા ઉપર તથા નવાં વાહનો મંજૂર કરવા ઉપર તારીખ: ૩૧-૦૩-૨૦૨૧ સુધી પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) મંજૂરી મળેલ હોય અને ભાડેથી/આઉટસોર્સિંગથી રાખવાના બાકી હોય તેવા વાહનો તથા ભાડેથી / આઉટસોર્સિંગથી વાહન રાખવાની નવી મંજૂરી ઉપર તારીખ: ૩૧-૦૩-૨૦૨૧ સુધી પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) <u>નવી મશીનરી / નવાં સાધનો / કાર્યાલય સુવિધાઓ અંગે સૂચનાઓ</u>

(૧) ઇલેક્ટ્રોનિક્સ સાધનો જેવાં કે કોમ્પ્યુટર, પ્રિન્ટર, ઝેરોક્ષ મશીન, એરકંડીશનર મશીન તથા તે સિવાયની અન્ય મશીનરીની ખરીદી તથા I.T.(આ.ટી.) સંલગ્ન પ્રોજેક્ટ ઉપર તારીખ:૩૧-૦૩-૨૦૨૧ સુધી પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) અધિકારી/કર્મચારીઓને મળતી કાર્યાલય સુવિધાઓ જેવી કે એરકંડીશનર મશીન, કુલર, ફર્નિચર, કોમ્પ્યુટર, લેપટોપ, મોબાઇલ ફોન વિગેરે બાબતોમાં સરકારશ્રીની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.



Scanned with CamScanner

(૩) <u>ફર્નિચર ખરીદી અંગેની સૂચનાઓ</u>

૧) નવી અને ચાલુ બાબત હેઠળના મંજૂર થયેલ ફર્નિચર ખરીદીના કામોના જો ટેન્ડર બહાર પાડવાના બાકી હોય તો તેવા કામો તારીખ: ૩૧-૦૩-૨૦૨૧ સુધી સ્થગિત કરવાના રહેશે.

(૨) જે ફર્નિચર ખરીદીના કામોના ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે પરંતુ ટેન્ડર (ભાવ) ઓપન કરવામાં આવેલ નથી તેવા કામોના ટેન્ડર (ભાવ) ઓપન કરવાની કામગીરીને તારીખ: ૩૧-૦૩-૨૦૨૧ સુધી સ્થગિત રાખવાની રહેશે.

(૩) જે ફર્નિચર ખરીદીના કામોના ટેન્ડર (ભાવ) ઓપન કરવામાં આવેલ છે પરંતુ વર્ક ઓડર્ર આપવાના બાકી છે તેવા કામોના વર્કઓર્ડર આપવાની કામગીરી તારીખ:૩૧-૦૩-૨૦૨૧ સુધી સ્થગિત રાખવાની રહેશે.

(૪) <u>વિજળીના વપરાશ અંગેની સૂચનાઓ</u>

સરકારી કચેરીઓમાં વિજળીનો વપરાશ કરકસરયુક્ત થવો જોઇએ. તમામ કચેરીઓએ કચેરીના માસિક વિજળી બીલમાં ઘટાડો થાય તેવા પ્રયત્નો હાથ ધરવાના રહેશે.

ઉપરોક્ત તમામ કરકસર અંગેની સૂચનાઓ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સિવાયના સચિવાલયના સર્વે વહીવટી વિભાગો, ખાતાના વડાની કચેરીઓ, અન્ય તમામ તાબાની સરકારી કચેરીઓ ઉપરાંત રાજ્ય સરકારશ્રીના જાહેર સાહસો, મંડળો, નિગમો, કંપનીઓ, સ્વાયત્ત સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ, સરકારી યુનિવર્સિટીઓ તથા ગ્રાન્ટ ઇન એઇડ તમામ સંસ્થાઓને લાગુ પડશે.

ઉપરોક્ત મુજબના ખર્ચમાં જો કોઇ છૂટછાટ મેળવવાની થાય તો જે તે વિભાગે નાણાં વિભાગ મારફતે માન.મુખ્યમંત્રીશ્રી ની મંજૂરી મેળવી લેવાની રહેશે.

નાણા વિભાગના તારીખ: ૧૪-૦૮-૨૦૧૪ના ઠરાવ ક્રમાંક :ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧ ની અન્ય સૂચનાઓ અમલમાં રહેશે.

**ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે**

**(જે.બી.પટેલ)**
**નાયબ સચિવ**
**નાણા વિભાગ**

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.



Scanned with CamScanner

- ❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- ❖ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- ❖ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- ❖ લોકાયુક્તશ્રી, લોકાયુક્તશ્રીની કચેરી, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- ➢ માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સર્વે માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સર્વે માન.મુખ્યમંત્રીશ્રીના સંસદીય સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સચિવાલયના સર્વે વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ અધિક સચિવશ્રી / સંયુક્ત સચિવશ્રી / નાયબ સચિવશ્રી(બજેટ), સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સર્વે ખાતાઓના વડાઓ.
- ➢ એકાઉન્ટ જનરલશ્રી (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- ➢ એકાઉન્ટ જનરલશ્રી (એ. એન્ડ ઇ.), ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- ➢ નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- ➢ પગાર અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- ➢ વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, અમદાવાદ / ગાંધીનગર / વડોદરા / રાજકોટ / ભાવનગર.
- ➢ સર્વે નાણા સલાહકારશ્રીઓ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / સર્વે શાખાઓ (નાણા શાખાઓ સહિત) સચિવાલય, ગાંધીનગર.
- ➢ નાણા વિભાગની વિસ્તુત અંદાજપત્ર શાખાના સર્વે ગ્રુપ.
- ➢ મેસર્સ ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ લી. ગાંધીનગર.
- ➢ સીસ્ટમ મેનેજરશ્રી, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ લી. તરફ નાણા વિભાગની વેબ સાઇટ ઉપર આ પરિપત્ર મૂકવાની વિનંતી સાથે.
- ➢ સિલેક્ટ ફાઇલ, ઝ.૧ શાખા.

-----------------------------------------

- ❖ પત્ર ધ્વારા

Scanned with CamScanner